# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1) રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ – આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે.
2) કડી અને વિસાવદર બેઠકની પેટા-ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષના નેતાઓના પ્રચારનો આરંભ.
3) રાજ્યની 54 હજાર જેટલી શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ – 35 દિવસ બાદ શાળાઓ વિદ્યાર્થીઓનાં કલરવથી ગૂંજી ઉઠી.
4) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
5) ઉત્તર મૅસેડૉનિયામાં આજથી શરૂ થતાં વિશ્વ ટૅબલ ટૅનિસમાં-ગુજરાતનાં માનવ ઠક્કર પુરુષ સિંગલ્સમાં રમશે

-----------------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GRAM PANCHAYAT FORM

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ હતો. હવે આવતીકાલે ઉમેદવારોનાં ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે. જ્યારે 11 જૂને ઉમેદવારીપત્રો પરત ખેચવાનો છેલ્લો દિવસ હશે.

દરમિયાન બનાસકાંઠામાં 614 જેટલી ગ્રામ પંચાયતની ચૂંટણી માટે જિલ્લામાં કુલ એક હજાર 182 મતદાનમથક તૈયાર કરાયા છે. જિલ્લાનાં 10 લાખ 44 હજાર 73 મતદારો મતદાન કરશે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે , જિલ્લામાં 405 સરપંચની બેઠક માટે પાંચ લાખ 37 હજાર 488 પુરુષ અને પાંચ લાખ છ હજાર 585 મહિલા મતદાર ચૂંટણીમાં સહભાગી થશે.

. . . . . . . . . . . . .

# VISAVADAR BYE ELECTION

રાજ્યમાં મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર બેઠક પરની પેટા-ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષના નેતાઓએ પ્રચાર શરૂ કર્યો. જુનાગઢના વિસાવદર ખાતે આજે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં કાર્યકર્તા સંમેલન યોજાયું. દરમિયાન શ્રી પાટીલે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. જ્યારે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલે વિરોધી પક્ષો પર પ્રહાર કર્યા હતા.

મહેસાણાની કડી બેઠક પર આ વખતે ભાજપ તરફથી રાજેન્દ્ર ચાવડા , કૉંગ્રેસ તરફથી રમેશ ચાવડા અને આમ આદમી પાર્ટી તરફથી જગદીશ ચાવડા પેટા-ચૂંટણી લડશે. જ્યારે જુનાગઢની વિસાવદર બેઠક પરથી ભાજપે કિરીટ પટેલ , કૉંગ્રેસે નીતિન રાણપરિયા અને આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને ટિકિટ આપી છે. કડી બેઠક પર કુલ આઠ અને વિસાવદર બેઠક પર 16 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. ઉલ્લેખનીય છે કે, બંને બેઠક પર આગામી 19 જૂને મતદાન અને 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# CM DABHOI SWAMINARAYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ‘પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “ઑપરેશન સિંદૂર”થી આતંકવાદ સામેની ભારતની લડાઈને નવી દિશા આપી. તેનાથી ભાવિ પેઢીઓને દેશસેવાની પ્રેરણા આપશે તેવો પણ વિશ્વાસ શ્રી પટેલે વ્યક્ત કર્યો. વડોદરાના ડભોઈમાં આજે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી પટેલે કહ્યું, ‘ભારતીય શિક્ષણ પદ્ધતિમાં જ્ઞાન સાથે સંસ્કાર પણ જરૂરી છે.’

(BYTE- BHUPENDRA PATEL, CM – DABHOI, VADODARA)

ગુરુકુળ સંસ્કૃતિ આજે આધુનિક માધ્યમો સાથે ફરી પ્રાચીન પરંપરાને ઉજાગર કરી હોવાનું પણ તેમણે ઉમેર્યું. શ્રી પટેલે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા શિક્ષિત, સંસ્કારયુક્ત અને સંકલ્પશીલ અમૃત પેઢીને ઘડવા લોકોને અનુરોધ કર્યો.

. . . . . . . . . . . . .

# ELECTION RELIEF

રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે જણાવ્યું કે , આગામી 22 જૂને ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. આ દિવસે કાર્યરત્ રહેતી ગ્રામીણ બૅન્કો , રાષ્ટ્રીયકૃત અને ખાનગી બૅન્કો , સહકારી બેન્કો બૅન્કો , રેલવે, ટેલિફોન, ટપાલ કચેરીઓ , દુકાનો, વ્યાપારિક સંસ્થાઓ , હૉટલો, ઔદ્યોગિક એકમ , કારખાનાઓ , હૉસ્પિટલો, પોલીસમથકો, અગ્નિશમન દળ તથા અન્ય આવશ્યક સેવાઓ આપતી સંસ્થાઓના કર્મચારીઓને મતદાન કરવા યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી પડશે.

ઉપરાંત સેવા સંબંધિત જરૂરિયાતને ધ્યાને રાખી મતદાન માટે યોગ્ય છૂટછાટ પણ આપવાની રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# SCHOOL - REOPEN

રાજ્યની 54 હજાર જેટલી શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. ત્યારે ખેડા જિલ્લામાં સરકારી , ખાનગી અને અનુદાનિત શાળાઓ મળી એક હજાર 750થી વધુ શાળાઓ આજે વિ દ્યાર્થીઓના કલરવથી ગૂંજી ઉઠી. તો નડિઆદની ધર્મસિંહ દેસાઈ ટેકનિકલ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓએ આજે પ્રથમ દિવસે સરસ્વતી પૂજન કર્યું.

બીજી તરફ અરવલ્લીમાં પણ આજથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થતાં બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. મોડાસાની કલરવ શિશુ વિકાસ કેન્દ્ર ખાતે કુમકુમ તિલક કરી બાળકોને શાળામાં પ્રવેશ અપાયો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# 11 YEARS OF GOVERMENT

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતોથી પ્રેરિત , ભારતે એક દાયકામાં નોંધપાત્ર પરિવર્તનનો અનુભવ કર્યો છે. આકાશવાણીની આ વિશેષ શ્રેણીમાં સાંભળીએ છેલ્લા 11 વર્ષમાં નારી શક્તિના વિકાસની કામગીરી અંગેનો એક અહેવાલ

(વોઇસ કાસ્ટ : યશવી મહેતા )

*છેલ્લા દાયકામાં , ભારતનો મહિલા સશક્તિકરણ પ્રત્યેનો અભિગમ કલ્યાણથી આગળ વધીને સમાવેશ, ગૌરવ અને સમાન તક તરફ આગળ વધ્યો છે. મિશન પોષણ 2.0 અંતર્ગત પોષણ ભી પઢાઈ ભી જેવી પહેલ દ્વારા બે લાખથી વધુ આંગણવાડી કેન્દ્રોને માત્ર સારું પોષણ જ નહીં પરંતુ બાળપણનું શિક્ષણ પણ આપવા માટે અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય મોરચે , જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ ( JSSK) અને જનની સુરક્ષા યોજના ( JSY) જેવી યોજનાઓએ ખાસ કરીને ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાં સલામત પ્રસૂતિ અને માતૃત્વ સંભાળની સુલભતા સુનિશ્ચિત કરી છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ , ૧૨ કરોડથી વધુ શૌચાલયો બનાવવામાં આવ્યા છે , જેનાથી મહિલાઓની સલામતી અને સ્વચ્છતામાં નોંધપાત્ર સુધારો થયો છે. ઉજ્જવલા યોજનાએ ૧૦ કરોડથી વધુ LPG કનેક્શન પૂરા પાડ્યા છે , જેનાથી મહિલાઓને રસોઈના હાનિકારક ધુમાડાથી મુક્તિ મળી છે. જળ જીવન મિશન દ્વારા ૧૫ કરોડથી વધુ ગ્રામીણ ઘરોમાં નળનું પાણી પહોંચાડવામાં આવ્યું , જેનાથી પાણી સંગ્રહનો દૈનિક બોજ ઓછો થયો છે. શિક્ષણમાં કન્યાઓની શાળામાં નોંધણી ૭૫.૫ ટકાથી વધીને ૭૮ ટકા થઈ છે. ૪.૨ કરોડથી વધુ ખાતા ખોલીને સુકન્યા સમૃદ્ધિ યોજનાએ કન્યાઓ માટે નાણાકીય સુરક્ષા સક્ષમ બનાવી છે.ત્રિપલ તલાક નાબૂદ કરવો અને ઐતિહાસિક નારી શક્તિ વંદન અધિનિયમ , જે થકી સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રખાઇ છે. આ યાત્રા એક એવા રાષ્ટ્રનું નિર્માણ કરવા વિશે છે જ્યાં મહિલાઓ ઘરો, શાળાઓ, કાર્યસ્થળો અને સંસ્થાઓમાં આગળ રહી નેતૃત્વ કરે.*

**આકાશવાણી સમાચાર વિભાગ યશવી મહેતા અમદાવાદ**

. . . . . . . . . .

# VIKSIT KRUSHI SANKLAP ABHIYAN

અમદાવાદના દસક્રોઇ તાલુકાના ઉન્દ્રેલ ગામે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત કૃષિ શિબિર યોજાઇ. તે અંતર્ગત કૃષિરથ દ્વારા વિવિધ યોજનાઓ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલી તજજ્ઞતાઓ અંગે ખેડૂતોને માહિતગાર કરાયાં. આ તકે નોડલ ઓફિસરે ખેડૂતોને સરકારની તેમજ બાગાયત વિભાગની વિવિધ યોજનાઓનો લાભ લઈ પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધવા પ્રોત્સાહિત કર્યા. તો ગ્રૉ મોર ફ્રૂટ કેમ્પેઈન અંગે પણ માહિતી અપાઈ.

. . . . . . . . . . . . .

# STATE WEATHER

રાજ્યમાં આગામી 12થી 18 જૂન સુધી પશ્ચિમી પવન મજબૂત થતાં ચોમાસું આગળ વધે તેવી સંભાવના છે. જ્યારે 13 અને 14 જૂન દરમિયાન ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. તો આવતીકાલે ભાવનગર , અમરેલી, ગીરસોમનાથ, દીવ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક અને ડીસામાં નોંધાયું. જ્યારે અમદાવાદ , ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને ભુજ તેમજ રાજકોટમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

. . . . . . . . . . . . .

# BVN SHAHID ANTIM VIDHI

શહીદ અગ્નિવીર જયદીપ ડાભીના સંપૂર્ણ રાષ્ટ્રીય સન્માન સાથે આજે ભાવનગરમાં અંતિમ સંસ્કાર કરાયા. મૂળ મોટા ખાખરા ગામના વતની શહીદ અગ્નિવીર જયદીપ ડાભી જમ્મુ-કાશ્મીરના શ્રીનગર ખાતે એર ડિફેન્સ રેજિમેન્ટમાં તહેનાત હતા. ફરજ દરમિયાન અકસ્માતે ગોળી છૂટતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આજે રાષ્ટ્રીય સન્માન સાથે શહીદ જવાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. તેમની અંતિમ યાત્રામાં જિલ્લા કલેક્ટર, ધારાસભ્ય, વિવિધ આગેવાનો અને સ્થાનિકો જોડાયા હતા.

આ અંગે કલેક્ટર ડૉક્ટર મનીષકુમાર બંસલે વધુ માહિતી આપી.

(BYTE- DR. MANISH KUMAR BANSAL, COLLECTOR, BHAVNAGAR)

. . . . . . . . . . . . .

# NAMO TRAIN SANAND

અમદાવાદથી ભુજ સુધી દોડતી નમો ભારત રૅપિડ રેલ હવે સાણંદ અને આંબલી રોડ રેલવેમથક પર પણ ઊભી રહેશે. તેનાથી સાણંદના સ્થાનિકો , નોકરી કરનારા લોકો અને વેપારીઓને પણ લાભ થશે. સાણંદના ધારાસભ્ય કનુ પટેલે આજે ભુજ-અમદાવાદ નમો ભારત રૅપિડ રેલને સાણંદ મથકથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.

(BYTE- KANU PATEL, MLA, SANAND)

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ભુજ નમો ભારત રૅપિડ રેલ આંબલી રોડ મથક પર સાંજે પાંચ વાગ્યેને 47 મિનિટે પહોંચશે અને બે મિનિટ બાદ ઉપડશે. તેમજ સાણંદ મથક પર આ ટ્રૅન પાંચ વાગ્યેને 59 મિનિટે પહોંચીને છ વાગ્યેને એક મિનિટે ઉપડશે.

. . . . . . . . . . . . .

# TABLE TENNIS

ઉત્તર મૅસેડૉનિયાના સ્કોપ્જે ખાતે વિશ્વ ટૅબલ ટૅનિસ- W.T.T. કન્ટેન્ડર સ્કોપ્જે 2025 આજથી શરૂ થવા જઈ રહી છે. આગામી 15 જૂન સુધી યોજાનારી આ સ્પર્ધામાં ભારત તરફથી વિશ્વમાં 48-મા ક્રમાંકના માનવ ઠક્કર અને માનુષ શાહ પુરુષ સિંગલ્સમાં રમશે. જ્યારે વિશ્વમાં 46-મા ક્રમાંકનાં મનિકા બત્રા મહિલા સિંગલ્સ વર્ગમાં ભાગ લેશે. ઉપરાંત માનવ ઠક્કર અને માનુષ શાહની જોડી પુરુષ ડબલ્સ સ્પર્ધામાં રમશે.

. . . . . . . . . . . . .

# E - CHALAN - DAMAN

દમણમાં ટ્રાફિક વિભાગ દ્વારા આજથી ઈ-ચલણ શરૂ કરાયા. શહેરભરમાં લાગેલા એક હજારથી વધુ સીસીટીવી કેમેરાથી 24 કલાક વાહનચાલક ઉપર નજર રખાશે તેમજ કાયદાનો ભંગ કરનારા ચાલકોને મોબાઈલ પર ઈ ચલણ અપાશે તેમ જિલ્લા પોલીસ વડા કેતન બંસલે જણાવ્યું.

**(બાઈટ – કેતન બંસલ, એસ.પી., દમણ)**

. . . . . . . . . . . . .